RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 335* Date: 25.09.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## MP –છત્તીસગઢમાં કોંગ્રેસની જીત પાક્કી:રાજસ્થાનમાં નજીકથી મુકાબલો, પરંતુ સરકાર બનાવીશું :રાહુલ ગાંધી



રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે કોંગ્રેસ તેલંગાણા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી જીતી રહી છે. રાજસ્થાનમાં મુકાબલો ભલે નજીકથી હોય, પરંતુ અમને વિશ્વાસ છે કે અમે જીતશું. રાજસ્થાનમાં લોકોનું કહેવું છે કે સરકાર સામે કોઈ આક્રોશ નથી. રાહુલ ગાંધી રવિવારે દિલ્હીમાં આસામની એક મીડિયા હાઉસ ઈવેન્ટમાં હાજર હતા, જ્યાં તેમણે આ વાત કહી હતી.તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ જનતાના પ્રશ્નો પરથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે અનેક યુક્તિઓ અપનાવી રહ્યો છે. રાહુલે એમ પણ કહ્યું કે જ્યારે પણ સંસદમાં કોઈ મુદ્દો ઉઠાવવામાં આવે છે ત્યારે તેઓ ધ્યાન ભટકાવવા માટે આવી બાબતોનો ઉપયોગ કરે છે. અમે તેની સાથે કેવી રીતે લડવું તે જાણીએ છીએ.કર્ણાટકની ચૂંટણીમાંથી બોધપાઠ લીધો રાહુલે જણાવ્યું હતું કર્ણાટકની ચૂંટણીમાંથી કોંગ્રેસે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાઠ ભણ્યો છે એ રીતે ભૂતકાળમાં ઘણી ચૂંટણીઓ જીતી છે. અમે બોધપાઠ લઈને કર્ણાટકની ચૂંટણી લડ્યા હતા. આ સિવાય એક દેશ, એક ચૂંટણી પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આ લાકોનું ધ્યાન ભટકવાની ભાજપની રણનીતિ છે. હવે ભાજપ મુદ્દાઓ પર ચૂંટણી લડી શકશે નહીં. મહિલા અનામત સાથે જોડાયેલા સવાલના જવાબમાં રાહુલે કહ્યું કે જો તેઓ સત્તામાં આવશે તો તરત જ મહિલા અનામતને લાગુ કરશેરાહુલે કહ્યું- અત્યારે અમે કદાચ તેલંગાણા જીતી રહ્યા છીએ. પરંતુ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ચોક્કસપણે જીતશે. રાજસ્થાનમાં પણ જીતની ખૂબ નજીક છીએ અને અમને લાગે છે કે અમે જ જીતીશું. ભાજપ પણ આંતરિક રીતે આવું જ કહી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં ૨૦૨૩માં જ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસની સરકાર છે. મધ્યપ્રદેશમાં ભાજપ, તેલંગાણામાં ભારત રાષ્ટ્ર સમિતિ અને મિઝોરમમાં મિઝો નેશનલ ફ્રન્ટની સરકાર છે.રાહુલ ગાંધીએ કહ્યું કે વિપક્ષી ગઠબંધન'.દ્ર.ડ્રૈ..છ મુદ્દાઓ સાથે મળીને કામ કરી રહ્યું છે. ભારતની ૬૦ ટકા વસ્તી વિપક્ષ સાથે છે. ૨૦૨૪ની ચૂંટણીમાં અમે ચોક્કસપણે ભારતીય જનતા પાર્ટીને સરપ્રાઈઝ આપવાના છીએ. રાહુલે દાવો કર્યો હતો કે તેમની પાર્ટી એવી સ્થિતિમાં ઢળી રહી છે જ્યાં ભાજપ મીડિયાને નિયંત્રિત કરે છે.ભારતમાં સાચા મુદ્દાઓ ગરીબી, બેરોજગારી, દલિતો, ઓબીસી અને આદિવાસીઓને અન્યાય અને મોંઘવારી છે. ભાજપ તેની સાથે સ્પર્ધા કરી શકે તેમ નથી. એટલા માટે તે કહે છે- આવો બિધુડીજી એક નિવેદન આપો. ચાલો એકસાથે ચૂંટણી કરીએ. ચાલો ભારતનું નામ બદલીએ. આ બધું ધ્યાન ભટકાવવા માટે છે. અમે આ જાણીએ છીએ અને સમજીએ છીએ. અને અમે તેમને તે કરવા દઈશું નહીં.મહિલા અનામત બિલ આવતીકાલે સવારે લાગુ થઈ શકે છે. આટલું કહેવું છે કે લોકસભા અને વિધાનસભાઓમાં ૩૩% સીટો અનામત રાખવામાં આવશે. અનામતને વસ્તી ગણતરી કે સીમાંકન સાથે કોઈ લેવાદેવા નથી. સરકાર કહી રહી છે કે મહિલાઓને ૧૦ વર્ષ પછી આ બિલનો લાભ મળશે, પરંતુ કોંગ્રેસ તેને તાકીદે લાગુ કરાવવા ઈચ્છે છેફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલો પરથી ધ્યાન ભટકાવવા માટે સરકારે ખાસ સત્ર લાવી. તેઓ 'દ્રડ્રૈ'છને ભારતમાં બદલવા માંગતા હતા, પરંતુ તેઓને સમજાયું કે લોકોને તે પસંદ આવશે નહીં, તેથી તેને બાજુએ મૂકીને આવ્યા.

## ભાજપ સાંસદ રમેશ બિધૂડીની મુશ્કેલી વધશે,ગમે ત્યારે સસ્પેન્ડ થઈ શકે છે

નવીદિલ્હી,તા.૨૪

ભાજપ સાંસદ રમેશ બિધૂડી વાહિયાત નિવેદનબાજીને કારણે વિપક્ષના નિશાને આવી ગયા છે. તેમને સસ્પેન્ડ કરવા માટે વિપક્ષનું દબાણ સતત વધતું જઈ રહ્યું છે ત્યારે બિધૂરી સામે સસ્પેન્ડ થવાનો ખતરો વધી ગયો છે. બંધારણની કલમ ૧૦૫ (૨) હેઠળ સંસદમાં કહેલી કોઇ પણ વાતને કોર્ટમાં પડકારી ના શકાય પણ લોકસભા અધ્યક્ષને સંસદીય ભાષાનો ઉપયોગ કરનારા સભ્ય સામે કાર્યવાહીનો અધિકાર છે. સ્પીકર નિયમ ૩૭૩ હેઠળ કોઈ સભ્યને ખરાબ આચરણ માટે સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપી શકે છે. ચાલુ વર્ષે મોનસુન સત્ર દરમિયાન વિપક્ષના ચાર સભ્યો અધીર રંજન ચૌધરી, સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા અને ડેરેક ઓબ્રાયનને સસ્પેન્ડ કરાયા હતા. ખરેખર લોકસભા સચિવાલયે ૨૦૨૨ માં એવા શબ્દોની યાદી જાહેર કરી હતી જેનો ઉપયોગ અસંસદીય મનાય છે. આ યાદી અનુસાર બિચારો, ખાલિસ્તાની, લોહીની ખેતી, શકુનિ, જયચંદ, જુમલાજીવી, અનાર્કિસ્ટ, ગદ્દાર, ઠગ, ઘડિયાળી અશ્રુ, ભ્રષ્ટ, કાળો દિવસ, કાળાબજારી, ખરીદ-વેચાણ, રમખાણ, દલાલ, દાદાગિરી, બેવડા માપદંડ, બોબકટ, લોલીપોપ, વિશ્વાસઘાત, બહેરી સરકાર, ઉચક્કે, ગુંડાઓની સરકાર, ચોર-ચોર મોસેરે ભાઈ, તડીપાર, તલવા ચાટવા, સરમુખત્યાર જેવા અન્ય કેટલાક શબ્દોને અસંસદીય જાહેર કરાયા હતા.

એનસીપી નેતા સુપ્રિયા સુલેએ કહ્યું કે બિધૂડી વારંવાર આ પ્રકારનું આચરણ કરતા રહ્યાં છે. બે દિવસ પહેલા તેમણે એક અન્ય સાંસદ સાથે ધક્કા-મુક્કી કરી હતી. તેમને ફક્ત ચેતવણી આપવાથી કામ નહીં ચાલે. દાનિશ અલી માટે અભદ્ર ભાષાના પ્રયોગ બદલ તેમની અને ટીએમસી વતી વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લવાશે.

## જો કોઈ 'રામ રાજ્ય'ની કલ્પના કરે છે તો દરેકને સારું અને મફત શિક્ષણ અને આરોગ્ય સંભાળની સુવિધાઓ મળવી જોઈએ : કેજરીવાલ



નવીદિલ્હી,તા.૨૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે જો કોઈ 'રામ રાજ્ય'ની કલ્પના કરે છે તો દરેકને સારું અને મફત શિક્ષણ અને આરોગ્ય સંભાળની સુવિધાઓ મળવી જોઈએ. અહીં એક કાર્યક્રમને સંબોધતા, તેમણે એમ પણ કહ્યું કે દરેકને સારું શિક્ષણ અને આરોગ્ય સંભાળ સુવિધાઓ મળવી જોઈએ અને આમ આદમી પાર્ટીની આગેવાનીવાળી દિલ્હી સરકાર આ દિશામાં કામ કરવાનો પ્રયાસ કરી રહી છે. શનિવારે તેમણે દિલ્હી સરકારની અરુણા અસફ અલી હોસ્પિટલની નવી ઓપીડી બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું અને ત્યાંના દર્દીઓ સાથે વાતચીત પણ કરી.

કેજરીવાલે કહ્યું કે દિલ્હી સરકાર આરોગ્ય સંભાળ અને શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને મોટા પાયે વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે હાલમાં દિલ્હી સરકારની તમામ હોસ્પિટલોમાં લગભગ ૧૦,૦૦૦ બેડ છે. તેમણે કહ્યું કે ૧૧ નવી હોસ્પિટલો બનાવવામાં આવી રહી છે અને જૂની હોસ્પિટલોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે હોસ્પિટલોમાં વધુ ૧૬,૦૦૦ બેડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી દશેરા અને દિવાળીના તહેવારોના સંદર્ભમાં દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે અમે ભગવાન રામની પૂજા કરીએ છીએ.

તેમણે કહ્યું કે રામ રાજ્યની વાત કરવામાં આવી રહી છે. હું એમ ન કહી શકું કે આપણે 'રામ રાજ્ય'ની નજીક આવી શકીએ. પરંતુ જો આપણે 'રામ રાજ્ય'ની કલ્પના કરીએ તો દરેકને સારું અને મફત શિક્ષણ અને આરોગ્ય સંભાળની સુવિધાઓ મળવી જોઈએ.કેજરીવાલે કહ્યું કે સારું શિક્ષણ અને આરોગ્ય સંભાળની સુવિધાઓ બધા માટે ઉપલબ્ધ હોવી જોઈએ, પછી ભલે તે અમીર હોય કે ગરીબ અને ×અમારી સરકાર કામ કરવાનો પ્રયાસ કરી રહી છે. તે દિશામાં.× આ કાર્યક્રમમાં દિલ્હીના આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજ અને આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા.

## અંબાજી-હડાદ રોડ પર યાત્રાળુઓની બસ પલટી:બસનું આખેઆખું છાપરું ચિરાઈ ગયું; ૩૫થી વધુ દર્શનાર્થીઓ ઈજાગ્રસ્ત









પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજે ભાદરવી પૂર્ણિમાના મેળાનો બીજો દિવસ ગોઝારો સાબિત થયો છે. અંબાજી દર્શન કરવા આવેલા યાત્રીઓ ભરેલી બસને હડાદ રોડ નજીક અકસ્માત નડતા બસ પલટી મારી ગઈ હતી. બસ અંબાજીથી હડાદ જતાં માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન અરવલ્લીની ગિરિમાળામાં બસ પલટી હોવાનું સામે આવ્યું છે. બસ નીચે પટકાતા બસના બે ભાગ થઈ ગયા હતા. આ અકસ્માતમાં બસમાં સવાર ૪૦ મુસાફરો હતા. જેમાંથી ૩૫થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચી છે. અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી, પરંતુ ઈજાગ્રસ્તોને તાત્કાલિક અંબાજી ખાતે સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.ઘટનામાં આયોજક સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે, અમે કણજરીથી ૧૦૦થી વધુ લોકો સંઘ સાથે પગપાળા અંબાજી આવ્યા હતા અને ધજા ચઢાવીને પરત આવી રહ્યા હતા. આ દરમિયાન આજે સવારે અમને બસ લેવા આવી હતી. અમે બસમાં બેસી જમવા જઈ રહ્યા હતા. ત્યારે બસની બ્રેક ફેલ થઈ જતાં ઘટના સર્જાઈ હતી. જેમાં બસમાં સવાર માઈભક્તો પૈકી અમુક વ્યક્તિઓને નાની મોટી ઈજા પહોંચી છે. તેમ આયોજક આશીષભાઈએ જણાવ્યું છે.ભાદરવી પૂનમ મહામેળાના બીજા દિવસે ખેડા, નડિયાદથી અંબાજી દર્શનાર્થે આવેલો સંઘ માતાજીનાં દર્શન કરી પ્રાઈવેટ બસમાં પરત જતો હતો. તે સમયે અંબાજીથી આઠ કિલોમીટરના અંતરાળે ચિખલા નજીક અકસ્માત નડ્યો હતો. પ્રથમ તબક્કે બસની બ્રેક ફેલ થતાં આ અકસ્માત સર્જાયો હતો. ત્યારે બસ પલટી જતા ઉપરનું છજું તૂટી પડ્યું હતું. બસમાં ૪૦ લોકો સવારે હતા અને અકસ્માત સર્જાતા મોટાભાગના લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને પોલીસ વાહનોમાં ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ની મદદથી ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અમુક ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે ખસેડવામાં આવ્યા. સદનસીબે અકસ્માતમાં હજી સુધી કોઈ પણ જાનહાનિની ખબર આવી નથી.અંબાજી માર્ગ પર લક્ઝરી બસ પલટી ખાતા અકસ્માત સર્જાયો હતો. બસમાં સવાર ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે પાલનપુર સિવિલ ખસેડવામાં આવ્યા છે. જેમાં ૧૫ જેટલાં ઘાયલ મુસાફરોને સિવિલમાં લાવવામાં આવ્યા છે.

## તંત્રી લેખ......

# ચીનની નફ્ફટાઈ

ચીન પોતાની હલકી રમત છોડતું નથી. તે રહી રહીને ભારતને પરેશાન કરવા માટે કોઈને કોઈ કરતૂત કરતું રહે છે. પહેલા કેટલાક ખેલાડીઓને સ્પેશ્યલ વિઝા જારી કર્યા બાદ હવે તેણે અરુણાચલ પ્રદેશના ત્રણ વુશૂ ખેલાડીઓને ૧૯મી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે દેશમાં એન્ટ્રી પર રોક લગાવી દીધી છે. ત્રણેય ખેલાડીઓના નામ ન્યેમાન વાંગ્સૂ, ઓનિલુ તેગા અને મેપુંગ લામ્ગુ છે. એશિયન ગેમ્સ ૨૦૨૩ની ઈવન્ટ કમિટીએ તેમને રમતમાં ભાગ લેવાની મજૂરી આપી દીધી હતી. બે એથ્લીટ પોતાના એક્રેડેશન કાર્ડ ડાઉનલોડ ન કરી શક્યા, જે ચીનમાં એન્ટ્રી માટે વિઝા રૂપે કામ કરતા. ત્રીજા એથ્લીટને એક્રેડેશન કાર્ડ મળી ગયું હતું. બાદમાં ચીન દ્વારા જણાવાયું કે તેને હોંગકોંગથી આગળ યાત્રા કરવાની અનુમતિ નથી. એશિયન ગેમ્સમાં વુશૂ ઈવન્ટ ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થાય છે. ત્રણેય ખેલાડીઓએ ૨૪ સપ્ટેમ્બર સુધી હાંગઝોઉમાં રહેવાનું હતું, પરંતુ વિઝામાં વિલંબ થવાને કારણે તેમણે એશિયન ગેમ્સથી બહાર થવું પડ્યું. વુશૂ ટીમના બાકી પ્લેયર ચીન માટે રવાના થઈ ગયા છે. ભારતે ચીનના આ પગલાનો વિરોધ કર્યો. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતીય નાગરિકો પ્રત્યે ચીનના ભેદભાવપૂર્ણની અમે ટીકા કરીએ છીએ. ચીનની કાર્યવાહી એશિયન ગેમ્સની ભાવના, ઈવન્ટના નિયમોનું ઉલ્લંઘન છે. આ તરફ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે એશિયન ગેમ્સમાં સામેલ થવા માટે પોતાનો ચીન પ્રવાસ રદ્દ કરી દીધો છે.આ પહેલી વાર નથી કે ચીને આવી હરકત કરી હોય, તે વારે-તહેવારે આવું કરે છે. તેનો હરસંભવ પ્રયાસ હોય છે કે કોઈક રીતે ભારતને ટેન્શનમાં રાખવું. આ પહેલાં તેણે એપ્રિલ ૨૦૨૩માં પોતાના નક્શામાં અરુણાચલ પ્રદેશની ૧૧ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. એવું છેલ્લા પાંચ વર્ષમાં ત્રીજી વખત કર્યું છે. આ પહેલાં ૨૦૨૧માં ચીને ૧૫ જગ્યાઓ અને ૨૦૧૭માં ૬ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. ભારતમાં આયોજિત જી-૨૦ બાદ તો તે વધુ ગિન્નાયું છે. આ સંમેલનમાં ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી. ભારત, યુએઈ, સઉદી અરબ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને યુરોપિયન યુનિયન સહિત કુલ ૮ દેશોના આ પ્રોજેક્ટનો ફાયદો ઈઝરાયલ અને જોર્ડનને પણ મળશે. મુંબઈથી શરૂ થનાર આ નવો કોરિડોર ૬ હજાર કિમી લાંબો હશે.

# અમદાવાદ મેયરના નોન યુઝ લકઝુરિયસ બંગલામાં રાજુ રદીને રહેવા જવું છે!!તમારે ક્યાંક છેડા હોય તો લગાડજો!!

" અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોઇ ઓળખાણ ખરી??" રાજુ રદીએ તદન ધીમા અવાજે મારા કાન પાસે મેં લઇ જઇ પૂછયું. હમણા રાજુ રદીના નામની શાંતિ હતી. રાજુ કયાં ખોવાઈ ગયો તે ખબર નથી. શક્ય છે કે જી-૨૦ માટેના અધિવેશન સ્થળ ભારત મંડપમાં સ્વિમિંગની પ્રેકટિસ કરવા ગયો હોય!! રાજુના કપડાં અબીલ ગુલાલથી રંગેલા હતા. હોળી-ધૂળેટી તો ચાર-પાંચ મહિના પહેલાં ગયા હજુ ધુળેટીને સાત-આઠ મહિનાની વાર છે. રાજુ રદી રંગ રસિયા થઇ કયાં ધૂળેટી રમી આવ્યો હશે??

" રાજુ. બે-ત્રણ મહિનાથી કયાં ખોવાઈ ગયેલ?? કપડા રંગેલા છે તો સગાઇ નક્કી કરી આવ્યો??" મેં પ્રશ્નોનો મારો ચલાવ્યો!!

" ગિરધરભાઇ . મહાનગરપાલિકામાં મેયર પદની અઢી વરસની પ્રથમ ટર્મ પૂરી થઇ.બીજી ટર્મ માટે મેયર, ડેપ્યુટી મેયર , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની ચૂંટણી હતી. પાયાના કાર્યકર તરીકે ચૂંટણીમાં હાજર હતો!! ત્યાં કાર્યકરો ધૂળેટી રમ્યા. જેમાં અમને પણ હોળી રમાડી!!"રાજુએ કપડાં પરના રંગનું કારણ આપ્યું.

" રાજુ . મહાનગરપાલિકામાં કંઇ કામ છે??" મે રાજુને પૂછયું.

"ના રે ના"રાજુનો જવાબ .

" રાજુ જન્મનો દાખલો કઢાવવો છે?" મે સવાલ કર્યો.

"ના" રાજુનો જવાબ વિધાનસભામાં વિપક્ષોની સંખ્યા સંકોચાઇ તેમ સંકોચાયો.

" ટેન્ડર મંજૂર કરાવવાનું છે?? સ્પોર્ટસ સંકુલ ભાડે લેવાનું છે? એસ્ટેટ ખાતાના અધિકારીની બદલી કરાવવાની છે? સ્માર્ટ સિટીમાં કોન્ટ્રેકટ લેવાનો છે!!રિવરફ્રંટમાં પ્લોટ લેવાનો છે??"કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં આઉટ સોર્સમાં પ્રવાસી અજગર કે સહાયક ચિંતા તરીકે નોકરી કરવી છે??"મેં ઘણા સવાલ કર્યા!

" ના" રાજુનો જવાબ.રાજુ મુંઝાયો. તેના પેટમાં વાત ઉછાળા મારતી હતી .હું તેને કોઠું આપતો ન હતો.

" ગિરધરભાઇ . હમણા પ્રતિભાબેન જૈન નામના નવા મહિલા મેયર ચૂંટાઇ આવ્યા. કિરીટ પરમાર નામના મેયર આગળ ભૂતપૂર્વનો સિક્કો લાગી ગયો. " રાજુ શું કહેવા માંગે છે તે ક્લિયર ન થયું!!

" હઅમ્ " મે મિતાક્ષરી જવાબ આપ્યો. હું મારું અજ્ઞાન પ્રદર્શિત કરવા માંગતો ન હતો!!જે કાંઇ હશે તે વાજતું ગાજતું માંડવે આવશે!!

" ગિરધરભાઇ. અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના પ્રથમ નાગરિક કે નાગરિકોના નિવાસ માટે લો ગાર્ડન ખાતે મહેલનુમા લકઝુરિયસ બંગલો બનાવ્યો છે!! આશરે એક હજાર વારના પ્લોટ એરિયામાં બનેલો એક માળનો આ બંગલો સાડાત્રણ વર્ષ પહેલાં જ રિનોવેટ કરાયો હતો. તદન નવા રાચરચીલા-વોલ પેઈન્ટ અને મનમોહક એલિવેશન ધરાવતા આ આલીશન બંગલાનું નવીનીકરણ કરાયું છે. "રાજુએ આર્કિટેકટ બની બંગલાની વિગતો જણાવી .

"રાજુ . મારે મેયર બંગલાનું ખાટું કે ગળ્યું અથાણું કરવાનું છે??" મેં અકળાઈને રાજુને કહ્યું.

" મેયર બંગલા તરીકે ઓળખાતો આ બંગલો અત્યંત વૈભવી છે. મેયર બંગલો પહેલાં ટ્રાન્સપોર્ટ મેનેજર બંગલો તરીકે ઓળખાતો હતો. વર્ષ ૧૯૫૪માં આ બંગલો બનાવવામાં આવ્યો હતો. પૂર્વ મેયર અમિત શાહના કાર્યકાળમાં આને મેયર બંગલો તરીકે ઓળખ મળી હતી. ૨૦૧૮માં બીજલ પટેલ મેયર હતા ત્યારે વર્ષો બાદ પહેલીવાર બંગલાને રિનોવેટ કરાયો હતો. આશરે રૂ.૧.૨૦ કરોડની આસપાસના ખર્ચે આ બંગલાનું રિનોવેશન કરી એને અત્યંત વૈભવી સ્વરૂપ અપાયું હતું. એક માળના આ બંગલામાં ચાર એસી બેડરૂમ, એક એસી કોન્ફરન્સ હોલ, એક ઓફિસ, રસોડું વિથ ડાઈનિંગ હોલ, જિમનાં સાધનો અને ગાર્ડન સહિતની એમેનિટી છે. અસિત વોરા એવા એકમાત્ર પૂર્વ મેયર છે, જેઓ વેકેશનના સમયગાળામાં જ પરિવાર સહિત મેયર બંગલો રહેવા જતા હતા. જ્યારે શહેરના પોશ વિસ્તારમાં બંગલો ધરાવતા હોવા છતાં ગૌતમ શાહ, બીજલ પટેલ, માલિનીબેન અતીત, મીનાક્ષીબેન પટેલ સહિતનાં પૂર્વ મેયરો આ બંગલામાં રહેતાં હતાં. એવા પણ અનેક મેયર છે, જેઓ આ બંગલોમાં ૪-૬ મહિનાની ટર્મ હોય તોપણ રહેવા ગયા હતા. પૂર્વ મેયર કાનાજી ઠાકોર આ બંગલામાં રહ્યા ન હતા. કાનાજી માધુપુરા વોર્ડના કોર્પોરેટર હતા અને ૨૦૦૮ની સાલમાં અમદાવાદના ૩૭મા મેયર બન્યા હતા. કાનાજી ચાલી વિસ્તારમાં રહેતા હતા અને મેયર બન્યા હતા છતાં પણ તેઓ એક દિવસ પણ આ બંગલામાં રહેવા ગયા ન હતા. જ્યારે તેમણે મેયર તરીકે હોદ્દો સંભાળ્યો ત્યારે જ કહ્યું હતું કે હું ત્યાં નહીં, પરંતુ મારા ચાલીના જ મકાનમાં રહીશ. આ કારણથી જ આજે પણ જે લોકોને મેયરનું કામ હોય તેઓ લો-ગાર્ડનના ભવ્ય બંગલામાં નહીં, પરંતુ બાપુનગરની ચાલીના મકાનમાં શહેરના પ્રથમ નાગરિકને મળવા જાય છે.તાજેતરમાં ભૂતપૂર્વ મેયર બનેલા અભૂતપૂર્વ કિરીટ પરમાર એક દિવસ માટે પણ આ બંગલામાં રહેવા ગયા ન હતા.આજે પણ તેઓ બાપુનગર સ્થિત પોતાના ચાલીવાળા મકાનમાં જ રહે છે. નવનિયુકત મેયર પ્રતિભાબેન પણ મેયર બંગલામાં રહેવા જવાના નથી!!"

રાજુએ કહ્યું .

" રાજુ મેયર બંગલામાં કોઇ રહેતું ન હોય અને મેઈન્ટન્સ ખર્ચ કરવામાં આવતો હોય એટલે લાખના બાર નહીં પણ બે હજાર કરવા જેવું જ કહેવાયનં??" મે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો .

" ગિરધરભાઇ . આ બંગલો વધુ અઢી વરસ ખાલી રહેવાનો છે!" રાજુએ પૂરક માહિતી રજૂ કરી.

" રાજુ. આ મેયરબંગલાયણ મને શા માટે સંભળાવે છે??" રાજુબિરબલ સિટાઈલથી ખીચડી પકાવી રહ્યો હતો!

" ગિરધરભાઇ . મારો પહેલો સવાલ પૂછવાનો એ જ મતલબ હતો કે મહાનગરપાલિકા કે પાર્ટી હાઈકમાન્ડમાં તમારી ઓળખાણ હોય તો ઓળખાણનો જેક લગાવીને વરસોથી ખાલી રહેલા મેયર બંગલામાં રહેવા જવું છે. આપણે મહિને સવા પાંચ કે સવા એકવીસ રૂપિયા શુકન એટલે ભાડા તરીકે ચૂકવીશું. ખાવી રહેલો બંગલો વપરાય અને મ્યુનિસિપલ કોર્પોરેશનને રેવન્યુ લોસ થાય છે તે બંધ થાય અને મ્યુનિસિપલ કોર્પોરેશન બે પાંદડે થાય!!ગોળ વિના સૂનો કંસાર, મા વિના સૂનો સંસાર એમ મેયર વિના સૂનો મેયર બંગલો જોઈને મારું હ્દય દ્રવી ઉઠે છે માટે મેયર બંગલામાં રહેવા જવું છે!!!" રાજુએ ઈન્ટેન્શન ડીસકલોઝ કર્યો!!!"

"હેંહેંહેંહેંઅ" મારા કાનમાં ધાક પડી હોય તેવી મેં પ્રતિક્રિયા આપી!!મારે તો વાંચકો સિવાય કોની ઓળખાણ હોય?? તમારે ક્યાંક છેડા હોય તો લગાડજો!! રાજુની ખ્વાહિશ પૂરી કરજો!!

**સાલ્લુ રાજુ રદીના ભેજામાં કેવા કેવા તુંબડા ભરેલા છે??રાજુ રદી ઓલવેઇઝ રોકિંગ!! ભરત વૈષ્ણવ....**




સોલારોડના જયઅંબે મિત્ર મંડળ દ્વારા અંબાજી પગપાળા જતા તમામ લોકો માટે આજથી ત્રણ દિવસ માટે રાજા ફામ વિસનગર સૂંઢીયા ખેરાલુ રોડ પર સેવા કેમ્પનુ આયોજન કરાયું છે-સોલારોડ ના સામાજીક કાર્યકર મનહરસિંહ વાઘેલા એ જણાવ્યું છે કે સેવા કેન્દ્ર માં ચા પાણી છાશ આરામ માટેની સુવિધા નો લાભ મોટી સંખ્યા માં પદયાત્રીઓ લે છે જયઅંબે મિત્ર મંડળ સોલા રોડ ની સેવા માટે અભિનંદનને યોગ્ય છે



**હરેન્દ્રસિંહજી રાજપૂત સમાજ ભવન ગોતા ખાતે શ્રી રાજપૂત વિદ્યાસભા - મહિલા સંગઠન દ્વારા યોજાયેલ સાતમા એક્ઝિબિશનના ઉદ્ધાટન પ્રસંગે ઉદ્ધાટક તરીકે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા જગદીશ સિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા તેમની સાથે પૂર્વ કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા તથા પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહજી જાડેજા પણ ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના સભ્યો,મહિલા સંગઠનના બહેનો,યુવા કાર્યકરો તથા મોટી સંખ્યામાં સમાજનાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. તેમ દિલીપસિંહ ચાવડા રાજપૂત સંદેશ વાળા તેમજ સામાજિક કાર્યકર મનહરસિંહ વાઘેલાએ અખબારી યાદીમાં જણાવાયું છે.**



**કાંદિવલીની રોટરી કલબ દ્વારા મેડિકલ સાધનોનું ડોનેશન રોટરી કલબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા પ્રમુખ પ્રીતિકા સામાણી, સેક્રેટરી વિપુલ ગગલાણી, મેડિકલ ડિરેક્ટર ધર્મેન્દ્ર ગોહેલ વગેરેના માર્ગદર્શન હેઠળ આદિવાસીઓના લાભાર્થે મનોરની આસ્થા હોસ્પિટલને ઈ. એન. ટી. સર્જિકલ સાધનો ડોનેટ કરાયા હતા. તેને લીધે આંખ, નાક, ગળા, માથા, ડોક, કેન્સર વગેરેની સર્જરી કરી શકાશે.**

## લગાગાગા લગાગાગા લગાગાગા

**નિરાશામાં વિચારીને લખો તો યાદ શું આવે ?**
**ગઝલમય જો બને જીવન પછી ફરિયાદ શું આવે ?**

**હશે નફરત અહીં બેફામ; ભરમાવું નહીં તારે,**
**બનાવટના મુખોટાથી પ્રણયમાં સ્વાદ શું આવે ?**

**શબ્દના બાણ વાગે તો અસર થાશે હૃદયમાં, પણ!**
**સમજમાં વાત આવી જાય તો વિખવાદ શું આવે ?**

**મહેલોના ઝરૂખેથી તરસતી ચાહ પૂછે છે,**
**નયનને આપ વાંચી લો, પછી સંવાદ શું આવે ?**

**કલમના જોર પર તારી જ મનમાની નહીં ચાલે**
**ઈશારો મૌન સેવે તો ઉરે ઉન્માદ શું આવે !**

**'સહજ' આ મોરની પીડા ભલે ખોટી નથી હોતી,**
**ટહુકવામાં જ ભૂલો થાય તો વરસાદ શું આવે ?**

**શિતલ માલાણી 'સહજ**

## તમે અને અમે

**તમે અમને એક ફુલ શું આપ્યું**
**અમે તમને આખો ગુલદસ્તો આપ્યો.**

**તમે અમારી પસં ને દિલમાં સ્થાન શું આપ્યું**
**અમે તો તમને જ પસંદગીમાં સ્થાન આપ્યું.**

**તમે એક અમીભરી નજર અમને શું આપી**
**અમે આખે આખું દિલ તમને આપ્યું.**

**તમે ચપટી રંગ શું અમ પર છાંટ્યો**
**અમે આખે આખું મેઘધનુષય તમ પર ઢોળી આપ્યું.**

**તમે બે ડગ શું ચાલ્યા અમારી સાથે**
**અમે તમને જીવનભરનો સાથ આપ્યો.**

**વિશાખા ભટ્ટ (અમદાવાદ )**

# એસ. એસ.વી. ફાઉન્ડેશને ન્યૂ વાસણા વિસ્તારના કુપોષણગ્રસ્ત ૭૦ બાળકોને દત્તક લીધા

એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી અમિતભાઇ શાહ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડો. સુજયભાઈ મહેતા, ઈન્ડિયન ફાર્મસી કાઉન્સિલના ચેરમેન ડૉ. મોન્ટુ ભાઈ પટેલ, અન્ય વાસણા વોર્ડના કાઉન્સલર ઉપસ્થિત રહ્યા હતસૂર્યાશોભાવંદના ફાઉન્ડેશન દ્વારા "પ્રોજેક્ટ વાત્સલ્ય" અંતર્ગત "કુપોષણ માંથી સુપોષણ તરફ" એક અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જેમાં ન્યૂ વાસણાની મ્યુનિસિપલ શાળા નં.૭-૮ ખાતે ૨૪/૦૯/૨૦૨૩ના રવિવારના રોજ કેમ્પ યોજાયો હતો. જેને લઈને સંસ્થા દ્વારા ન્યૂ વાસણા વિસ્તારની અલગ-અલગ વસાહતોમાં આવેલા ઘરો અને આંગણવાડીમાં જઈને કુલ ૭૫૦થી વધુ ઘરોના બાળકોનું સ્ક્રિનિંગ કરી સર્વે કર્યો હતો. ત્યારબાદ સંસ્થાએ ૭૦ કુપોષણગ્રસ્ત બાળકોને દત્તક લીધા હતા. કેમ્પમાં કુપોષણગ્રસ્ત



બાળકોના ૨૦૦થી વધુ વાલીઓએ આવીને બાળકોને સારવાર અપાવી હતી. આ બાળકોને સંપૂર્ણપણે કુપોષણમુક્ત બનાવવા સતત છ અઠવાડિયા સુધી ફોલો-અપ લઈને બાળકોના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા નિદાન કરવામાં આવશે. જેથી આ બાળકો કુપોષણમુક્ત બનશે. કેમ્પમાં એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન ડૉ. સુજયભાઈ મહેતા, ઈન્ડિયન ફાર્મસી કાઉન્સિલના ચેરમેન ડૉ. મોન્ટુભાઈ પટેલ સહિત વાસણા વોર્ડના કાઉન્સલર ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પમાં આવેલા કુપોષણગ્રસ્ત બાળકોનું યોગ્ય તપાસ કર્યા પછી જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી હતી. ડૉક્ટર દ્વારા દવાઓ આપ્યા પછી બાળકના માતાપિતાને કાઉંસ્લિગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને પૌષ્ટિક ખોરાક મળે તે માટે સંસ્થા દ્વારા પોષણયુક્ત કીટ આપવામાં આવી હતી. "સૂર્યાશોભાવંદના ફાઉન્ડેશનની કામગીરીને બિરદાવતા કેમ્પમાં આવેલા કુપોષણગ્રસ્ત બાળકો સાથે આવેલા વાલીઓને પોતાના બાળકના સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન દોરી જાગૃત થવા કહ્યું હતું. આ સાથે સંસ્થાએ જે કેમ્પનું આયોજન કર્યુ છે એમાં સતત છ અઠવાડિયા સુધી પોતાના બાળકને નિદાન અર્થે લાવવા સલાહસૂચન આપ્યુ હતું. ૭૦ બાળકો કુપોષણમુક્ત ન થાય ત્યાં સુધી નિદાનની જવાબદારી સંસ્થા ઉપાડશે."

## કંઈક ખાસ છે!

**જે નથી.. એની જ અહીં વાત છે.**

**આ ક્ષિતિજ, આ મૃગજળ,**

**બન્ને ફક્ત આભાસ છે,**

**બસ આ કહેવાનું તમને, કારણ કંઈક ખાસ છે!**

**આ ફૂલ, આ સુગંધ,**

**ઉપર બેઠી ઝાકળ,**

**નક્કી ભમરાનો અહીં વાસ છે,**

**બસ આ કહેવાનું તમને, કારણ કંઈક ખાસ છે!**

**આ નદી, આ ઝરણાં,**

**શું લાગે છે તમને?**

**દરિયાને મળવાની એક આશ છે,**
**બસ આ કહેવાનું તમને, કારણ કંઈક ખાસ છે!**

**આ હૃદય, આ શ્વાસ,**
**વિહવળ બની ઊર્મિઓ,**

**લાગે છે.. તું આસપાસ છે,**
**બસ આ કહેવાનું તમને, કારણ કંઈક ખાસ છે!**

**નિખિતા ઘાડિયા (જામનગર)**

## એકતાની અટપટી વાતો.

**ચાલોને પોતાની જાત માટે થોડું જીવી લઈએ...........!**

**મનગમતા શબ્દોના મણકાથી ભાવરૂપી માળા પરોવી લઈએ.**

**ચાલોને પોતાની જાત માટે થોડું જીવી લઈએ.............!**

**અણગમતો મણકો જો નીકળે એ માળાનો,**

**તો પ્રભુ ઈચ્છા સમજી માળામાં અપનાવી લઈએ.**

**ચાલોને પોતાની જાત માટે થોડું જીવી લઈએ..........!**

**દુનિયાનો ડર છોડી અને આત્મપ્રેમી મણકા ભેગા કરી,**
**મળ્યું એને માણતા અને ગયું એને વિસરતા શીખી જઈએ.**

**ચાલોને પોતાની જાત માટે થોડું જીવી લઈએ............!**

**એકતા અર્જુન ગજેરા (અમદાવાદ)**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG.SS.NO.- 0088
વિષયઃ ગણેશોત્સવ
શીર્ષકઃ ગજાનન વહેલેરા આવજો..
લેખિકા નામઃ ડૉ. મનીષા વ્યાસ

ગજાનન ગણદેવ વહેલેરા આવજો..
પિતાશંકર ને ગૌરીમાને લાવજો રે..
દાદા વહેલા વહેલા આવજો(૨)
રિદ્ધિ સિદ્ધિ સાથે શુભ લાભ લાવજો..
તુષ્ટિ પુષ્ટિ અને અમોદ પ્રમોદ લાવજો..
મૂષકની સવારીએ વહેલેરા આવજો રે..
દાદા વહેલા વહેલા આવજો..(૨)
સુંદર ને સુઘડ એવું મારું નાનેરું ઘર છે..
જ્યાં આસોપાલવનાં તોરણ બાંધ્યાં છે
સાથિયા પૂરીને સાખે શ્રીસવા લખેલ છે..
એરે એંધાણીએ દાદા વહેલેરા આવજો..
દાદા વહેલા વહેલા આવજો..(૨)
સોના ચાંદીના રૂડા બાજોઠ ઢાળેલ છે..
ઘરમાં તમારી સ્થાપના હોંશે કરેલ છે..
મોદકની મીઠી મીઠી સુવાસ પ્રસરેલ છે..
દાદા વહેલા વહેલા આવજો (૨)
જાસૂદનાં ફૂલોના હાર રે ગૂંથેલ છે
દુર્વા કેળાં ને મોદકના થાળ ભરેલ છે..
ચોખ્ખાં રે પાણીથી કળશ ભરેલ છે..
આવજો સૌ પરિવાર સંગ રે મોરિયા..
દાદા વહેલા વહેલા આવજો (૨)
આવતા રે વર્ષે વહાલા વ્હેલેરા આવજો
આખું રે વર્ષ વ્હાલા શુભ કામ કરાવજો..
સઘળી પૂરજો ભક્તોની આશ મોરિયા..
દાદા વહેલા વહેલા આવજો (૨)

NoG: NG 0078
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - તો મોજ થાય!

અન્યની પીડા તમે જાણી શકો તો મોજ થાય;
જાણી તેના અશ્રુ પણ ખાળી શકો તો મોજ થાય.

એ ઝઝૂમે છે જીવન ને મોત વચ્ચે તો, હવે?
શ્વાસ તેના સહેજ લંબાવી શકો તો મોજ થાય.

રંગ કેવા હોય પૂછે અંધ ત્યારે કરવું શું?
દાનમાં દૃષ્ટિ અગર આપી શકો તો મોજ થાય.

એ સ્વજનના શબ નજીક બેસી રડી રહી છે અનાથ;
પ્રેમથી તેને જો અપનાવી શકો તો મોજ થાય.

લકઝરી ગાડીમાંથી દેખાય જો ભૂખ્યો ગરીબ;
તે જ વખતે તેને ખવડાવી શકો તો મોજ થાય.

એ યુવા વિધવા બની છે સાવ ધોળા વસ્ત્ર સમ;
રંગ સાચા સુખનો ત્યાં લાવી શકો તો મોજ થાય.

બહુ જ નાજુક દિલ લઈ જન્મી છે ''શ્વેતા'' તે છતાં ;
કોઈને પણ એવી જ પરખાવી શકો તો મોજ થાય.

- શ્વેતા તલાટી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No/0044
વિષયઃ-ગણેશોત્સવ
શીર્ષક :- દિલમાં સ્થાન.

આવો ગણેશજી બેસો ગણેશજી તમને દિલમાં સ્થાન છે,
અમ સૌનું રક્ષણ કરવાનાં તમને ઝાઝેરાં કામ છે .

આવો રિધ્ધિ સિધ્ધિ બેસો રિધ્ધિ સિધ્ધિ તમને દિલમાં સ્થાન છે,
અમ સૌનું કલ્યાણ કરવાનાં તમને ઝાઝેરાં કામ છે.

આવો મહાદેવજી બેસો મહાદેવજી તમને દિલમાં સ્થાન છે, અમ સૌનો સહારો બનવાનાં તમને ઝાઝેરાં કામ છે.

આવો ઉમિયાજી બેસો ઉમિયાજી તમને દિલમાં સ્થાન છે
અમ સૌને આશિષ આપવાનાં તમને ઝાઝેરાં કામ છે.

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 0059
વિષય શબ્દઃમળ્યાની મોજ
પ્રકારઃ ગદ્ય લેખ.
શીર્ષકઃ★મોજની માસ્ટર ચાવી★
શબ્દો ૨૯૫.
લેખકઃજયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ક્ષણ ભંગુર માનવ જીવન,માણતા આવડે તો મોજ ભરેલુછે.ક્યાથી કેવી રીતે આનંદ માણવો તે દરેક પ્રસંગે , દરેક વ્યકિતગત/નીજ વિચારધારા ઉપર પણ નિર્ભરછે.

આપણે જીવનના દરેક તબક્કે વિવિધ પ્રસંગોએ આપણે આપણી, નીજ આંખે ,
મળ્યા ની મોજ માણતા અનેક લોકોને જોઈએ છીએ, અનુભવતા હોઈએ છીએ. દા.ત.

ધનીક નુ બાળક પોતાની પાસે રહેલા કિંમતી રમકડાથી પણ,જે મોજ/ આનંદ મેળવી શકતો નથો,

ત્યારે ★રાંક નુ રતન★, ભાંગેલા તૂટેલા રમકડાથી અકલ્પનિય આનંદ માણતો આપણે જોતા હોઈએ છીએ કેમ ખરુને ?
આછે અભણ બાળકનો સ્વિકારભાવ/ નીજ સંતોષ !
વાહ વાહ!,
બાળકની સમજણ શકિતને સલામ !

જો આપણે જીવનમા આવતી દરેક ક્ષણનો આનંદ માણવો હોયતો હર પળે સ્વિકારભાવ કેળવવો જરૂરી રહેછે.

ટુંકમા જે હરપળને પોતાની હેસિયત સાથે સંતોષ નુ સાથે સંયોજન કરી શકે તે
મળ્યાનો મોજ માણતા શીખી જાય તો જગતમાં તેની ગણના સૌથી સૂખી માણસ મા થવા લાગે છે.તો સૂખી-મોજીલા મજેદાર માણસમાં તમારી ગણત્રી કરાવવા આગળ વધી , રોજીંદા જીવનમા કેળવો સહેલી રીત,
★સ્વિકારભાવ અને સંતોષ★

પ્યારે", આછે મળ્યા ની મોજ માણવાની માસ્ટર ચાવી, અને તે પણ તદન મફતમા !

શૂધ્ધ ગુજરાતીમા....આપણે સૌ જાણીએ અને અનૂભવીએ ...

આજનો લ્હાવો લીજીએ રે...
કાલ કોણે દીઠીછે........

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No 149
વિષય : મળ્યાની મોજ
શીર્ષક : મોજે મોજ
શબ્દો : ૩૩૦
નામ : પલ્લવી જોષી.સરિતા

મળ્યાની મોજ એટલે કે આપણે કોઈકને ગમે ત્યારે અચાનક મળીએ ને જે આનંદ આવે, લાગણી થાય,એના માટે મન હી મનમાં પ્રેમ ઉભરાય ને એને મળીને આપણને કોઈક પોતીકું મળ્યું હોય એવો અહેસાસ થાય તો એ મળ્યાની મોજ છે. મોજ એટલે કોઈકની સાથે આનંદથી વિતાવેલી પળો.

એકવાર વિનય અને દિવ્યા કોલેજમાંથી છૂટા પડ્યા પછી બંનેના લગ્ન થઈ ગયાં,બંને પોતપોતાના જીવનસાથી સાથે ખુશ હતા.વિનયના લગ્નને માંડ દસેક વર્ષ પૂરા થયા હશે ને એક દિવસ એની પત્ની વિશ્વાસને અચાનક જ હાર્ટએટેક આવી ગયો ને એ ભગવાનને પ્યારી થઈ ગઈ.થોડા વર્ષો પસાર થયા બંને બાળકો થોડા મોટા થયા.
વિનયની ટ્રાન્સફર દિવ્યાના શહેર પૂનામાં થઈ.

એક દિવસ અચાનક જ દિવ્યાને વિનય એની ઑફિસમાં મળી ગયા.દિવ્યા નોકરીનું ઈન્ટરવ્યુ આપવા આવી હતી. સિલેક્ટ પણ થઈ ગઈ ને નોકરી શરૂ પણ કરી દીધી.
દિવ્યા આ દુનિયામાં એકલી જ હતી,એના પતિનું એક કાર અકસ્માતમાં મૃત્યુ થયુ હતું.

આ બાજુ બાળકો મોટા થયા એટલે એમને ભણાવી ગણાવી ને દીકરીને સાસરે વિદાય કરી ને દીકરાને ને વહુને પરદેશ મોકલ્યા.

પછી એક દિવસ ઑફિસના પિયૂને વિનયને કહ્યું સાહેબ નાના મોઢે મોટી વાત કહું છું.તમે હવે લગ્ન કરી લો ઘડપણનો સહારો તમને મળી જશે ને સામેની વ્યક્તિને પણ તમારો સાથ મળી જશે.

આખી રાત અસમંજસમાં વિતાવ્યા પછી વિનયે દિવ્યાની સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો ને બીજે દિવસે ઑફિસથી છૂટ્યા પછી દિવ્યા ને વિનય એક પાર્કમાં મળ્યાં ને ત્યાં વિનયે દિવ્યાને પ્રપોઝ કર્યું ને દિવ્યા જાણે વર્ષોનાં પ્યાસા પંખીની જેમ વિનયમા સમાઈ ગઈ ને એ સમયને ,એ ભાવવિભોર લાગણી ને મળ્યાની મોજ કહેવાય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No -106
વિષય-મળ્યાની મોજ
શીર્ષક-'દોડ'
શબ્દ-૨૩૦
નામ-મુક્તિદા કુમાર
'રુપલી'

આ જનમ આપણને મોજ કરવા મળ્યો છે! આપણને જે મળ્યું નથી અથવા મળ્યું નહોતું, તે મેળવવા આપણે ઝંખીએ છીએ.એ ન મળે તો,આપણે અતૃપ્ત રહીએ છીએ.આપણી અધૂરી ઈચ્છાઓને પૂરી કરવા તલપાપડ થઈએ છીએ! અધૂરી ઈચ્છાઓ એટલે ભૌતિક સુખો પાછળ આપણે ભાગીએ છીએ!
સામદામ દંડ ભેદ થકી, કાંઈ પણ કરીને આપણે બધું જ મેળવવું હોય છે! અને.. અહમ્,ઈર્ષ્યા,લોભ, કામ, ક્રોધ,મોહ થકી ખદબદીએ છીએ!
એવા કાદવના કીડા આપણે ભૂલી જઈએ છીએ,જીવન તો પરપોટા જેવું છે! .

એ ક્યારે ફૂટી જાશે કહેવાય નહિ !
પણ એ પરપોટો, અત્યારે તો ચમકતો દેખાય છે!તો અત્યારને આપણે માણીએ.
માણવી સે,મારે માણવી સે..
જિંદગીની મોજું માણવીસે
આ જન્મારો,'મનુષ્ય જન્મ' ચોર્યાસીલાખના ફેરા પછી મળ્યો છે.
જ્યારે, જે કંઈ મળ્યું છે તે ત્યારે માણીએ! પણ
આજે કાજુદ્રાક્ષ આઈસ્કીમ ખાધા પછી,આવતી કાલે એજ સ્વાદને માણવાની ઈચ્છા થાય છે.

અને એ ચાખ્યા પછી મન કહે છે "ભૂલ કરી! તે દિવસે કાજુદ્રાક્ષ તો ખાધો હતો! આજે, કેસરપિસ્તા ખાધો હોત તો મજા પડી જાત!,

આપણું પણ એવું જ છે! જે હાથમાં છે,તેને માણવાનું ભૂલી ભૂતકાળમાં રાચીએ છીએ,અફસોસ પણ કરીએ છીએ, "આ નહિ!

આવું હોત,તો કેટલું સારું થાત?!"અને એ પરથી ભવિષ્ય તરફ કૂદકો મારીએ છીએ અને એવા તો ચિતાગ્રસ્ત થઈ જાઈએ છીએ,કે રોગોનું ઘર બની જાઈએ છીએ!
કોઈએ
સરસ કહ્યું છે!
★મળ્યું છે તો માણો જીવન કચવાટે શીદ વહો!★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. -- 39
વિષય - મળ્યાંની મોજ
શીર્ષક --ગમતાનો ગુલાલ
શબ્દો -- ૮૩
નામ -- પ્રફુલ્લા "પ્રસન્ના"

મળ્યાભાઈનો મેળો જીવન
મળ્યા ભાઈની મોજે મોજ
મળવાનો છલકે આનંદ અઢળક
જીવનમાં મળ્યાનો કિલ્લોલ!

ચાર દિવસની જિંદગી જીવન
બે અંધકારના બે ઉજાશના
પૂનમ પછી આવી જશે અમાસ
દિવસ પણ વીતી જશે રાત્રીએ

પરોવી લઈએ મોતી જીવતરના
જિંદગીના અજવાળે અજવાળે
દીપાવી લઈએ જીવન મનુષ્ય કેરું
ચોર્યાસી લાખ ભવસાગર તરીને!

મળી છે આ એક જ જિંદગી
માનવ કેરી અણમોલ, અનેરી
સુખદુઃખ આવ્યા કરે જીવનમાં
જીવન મોજથી જીવી લઈએ.

કરી લઈએ ગુલાલ ગમતાનો
ખુશીઓ વહેંચી લઈએ
અમૂલ્ય આ માનવ જીવનને
અવસર બનાવી દઈએ.

# કર્મબંધનથી મુક્ત થવાનો ઉપાય

એક રાજા ઘણા જ ધર્માત્મા,ન્યાયકારી અને પરમેશ્વરના પરમ ભક્ત હતા.તેમને મહેલમાં ભગવાનનું મંદિર બનાવડાવ્યું અને પૂજા કરવા માટે એક બ્રાહ્મણને પૂજારી તરીકે નિયુક્ત કર્યા.આ બ્રાહ્મણ સદાચારી, ધર્માત્મા અને સંતોષી હતા.આ પૂજારી રાજા પાસે ક્યારેય કોઇ યાચના કરતા ન હતા.રાજા પણ પૂજારીના સ્વભાવથી ઘણા પ્રસન્ન હતા.રાજાના મહેલમાં આવેલ મંદિરની પૂજા કરતાં કરતાં વીસ વર્ષ પસાર થાય છે. તેમને ક્યારેય રાજાને કોઇપણ પ્રકારનો પ્રશ્ન કર્યો નથી.

રાજાને ત્યાં એક બાળકનો જન્મ થાય છે.રાજાએ તેને ભણાવી ગણાવીને મહાન વિદ્વાન બનાવ્યો અને મોટો થતાં તેનું લગ્ન એક સુંદર રાજકન્યા સાથે કરાવવામાં આવે છે.લગ્ન કરીને જે દિવસે રાજકન્યાને મહેલમાં લાવવામાં આવે છે તે રાત્રીએ રાજકુમારીને ઉંઘ આવતી નથી.તે રાજમહેલમાં બધે ફરે છે.તે જ્યારે પોતાના પતિના પલંગની પાસે આવે છે ત્યારે તેની નજર હીરા ઝવેરાત જડીત મુઠવાળી એક તલવાર ઉપર પડે છે.

રાજકન્યાએ જોવા માટે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી તો તિક્ષ્ણ ધારવાળી અને વિજળી સમાન પ્રકાશમાન તલવારને જોઇને તે ભયભીત થાય છે અને તેના હાથમાંથી તલવાર નીચે સૂતા રાજકુમારની ગરદન ઉપર પડે છે અને રાજકુમારનું મસ્તક કપાઇ જાય છે અને રાજકુમારનું મૃત્યુ થાય છે.રાજકન્યાને પતિના મૃત્યુનું ઘણું જ દુઃખ થાય છે અને પરમેશ્વરને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મારાથી ઓચિંતું આ પાપ કેવી રીતે થઇ ગયું? મારા હાથે જ મારા પતિનું મૃત્યુ થઇ ગયું છે તે આપ તો જાણો છો પરંતુ સભામાં કે જાહેરમાં હું આ સત્યને કહીશ તો મારા માતા-પિતા અને સાસુ-સસરાને કલંક લાગશે અને મારી વાત ઉપર કોઇ વિશ્વાસ નહી કરે.

સવારમાં પૂજારી જ્યારે કૂવા ઉપર સ્નાન કરવા માટે આવે છે ત્યારે રાજકન્યા દૂરથી તેમને જોઇને વિલાપ કરતાં બૂમો પાડે છે કે મારા પતિને કોઇએ મારી નાખ્યા છે આ સાંભળીને નગરના લોકો ભેગા થઇ જાય છે,તે સમયે રાજા પણ ત્યાં આવે છે અને પુછે છે કે રાજકુમારને કોને માર્યા છે? ત્યારે રાજકન્યા કહે છે કે હું તેમને ઓળખતી તો નથી પરંતુ તેને મેં ભગવાનના મંદિરમાં જતો જોયો હતો.રાજા તથા તમામ લોકો ઠાકોરજીના મંદિરમાં જાય છે ત્યારે પૂજારી પૂજા કરી રહ્યા હતા.પૂજારીને પકડીને પુછવામાં આવે છે કે તમે રાજકુમારને કેમ માર્યો છે? ત્યારે પૂજારી કહે છે કે હું ઈશ્વરની સાક્ષીએ કહું છું મેં રાજકુમારને માર્યો નથી.મેં તો રાજકુમારનો મહેલ પણ જોયો નથી.જોયા વિના,કોઇ સાબિતી વિના કોઇની ઉપર અપરાધનો ખોટો દોષ લગાવવો યોગ્ય નથી.

બ્રાહ્મણની સત્ય વાત કોઇ સાંભળતું નથી અને લોકો કંઇનું કંઇ બોલ્યે જાય છે.રાજા પૂજારીને સારી રીતે ઓળખતા હતા.રાજાના મનમાં વારંવાર એ જ વિચાર આવતો હતો કે આ પૂજારી નિર્દોષ છે પરંતુ સમગ્ર ભેગા થયેલા નગરજનોના કહેવાથી રાજાએ બ્રાહ્મણને કહ્યું કે..હું તમોને પ્રાણદંડ આપતો નથી પરંતુ જે હાથથી તમે મારા પૂત્રની હત્યા કરી છે એ હાથને કાપી નાખવાનો આદેશ આપું છું આમ કહીને રાજાએ પૂજારીનો એક હાથ કપાવી નંખાવ્યો.આમ કરવાથી બ્રાહ્મણને ઘણું દુઃખ થાય છે અને રાજાને અધર્મી સમજીને તેના રાજ્યનો ત્યાગ કરીને દૂર ચાલ્યા જાય છે.

બ્રાહ્મણ વિચાર કરે છે કે કોઇ વિદ્વાન જ્યોતિષ મળી જાય તો મારે તેમને વિના અપરાધ મારો હાથ કાપી નાખવાનું કારણ પુછવું છે.કોઇકે કહ્યું કે કાશીમાં એક વિદ્વાન જ્યોતિષ છે.સરનામું લઇને બ્રાહ્મણ તેને ઘેર પહોંચે છે.જ્યારે તેઓ જ્યોતિષના ઘેર પહોંચે છે ત્યારે તેઓ બહાર ગયેલા હતા.તેમની ધર્મપત્ની ઘેર હતી તેમને પુછ્યું કે માતાજી..આપના પતિ જ્યોતિષજી મહારાજ ક્યાં ગયા છે અને ક્યારે આવશે? ત્યારે તે સ્ત્રીએ અયોગ્ય,અસહ્ય,દુર્વચન કહ્યા જેને સાંભળીને બ્રાહ્મણને ઘણી જ નવાઇ લાગે છે,તે મનોમન વિચારે છે કે હું તો મારો હાથ કપાઇ જવાનું કારણ પુછવા અહી આવ્યો હતો પરંતુ મારે હવે સૌ પ્રથમ આ જ્યોતિષની હાલત વિશે જાણવું છે.એટલામાં જ જ્યોતિષજી આવી જાય છે.ઘરમાં પ્રવેશ કરતાંની સાથે જ તેમની પત્નીએ અનેક દુર્વચનો કહીને તેમનો તિરસ્કાર કર્યો તેમછતાં જ્યોતિષજી મૌન રહે છે અને પોતાની પત્નીને કશું જ કહેતા નથી અને પોતાની ગાદી ઉપર જઇને બેસી જાય છે અને બ્રાહ્મણને કહે છે કે પધારો બ્રહ્મદેવતા શા માટે અહી આવવાનું થયું છે?

બ્રાહ્મણ કહે છે કે હું આવ્યો હતો તો મારા વિશે પુછવા પરંતુ પહેલાં આપ આપના વિશે મને કહો કે આપ આટલા મહાન જ્યોતિષ હોવા છતાં આપની પત્ની આપનો આટલો બધો તિરસ્કાર કેમ કરે છે? કે બીજો કોઇ સામાન્ય માણસ તેને સહન ના કરી શકે જે આપ સહન કરો છો તેનું કારણ શું છે.

જ્યોતિષજી કહે છે કે આ મારી પત્ની નહી પરંતુ મારૂં કર્મ છે.દુનિયામાં આપણે જેને પણ જોઇએ છીએ મળીએ છીએ તે માતા-પિતા, ભાઇ-બહેન, ગુરૂ-શિષ્ય કે સબંધીઓ હોય તે તમામ આપણા પૂર્વજન્મના ઋણાનુબંધ હિસાબ પુરો કરવા ભેગા થયા છીએ તે તમામ અમારા કર્મ છે.આ સ્ત્રી નહી પરંતુ મારૂં પૂર્વજન્મનું કર્મ છે અને તે ભોગવ્યા વિના છુટકો જ નથી.

કર્મપ્રધાન વિશ્વ કરી રાખા,જો જસ કરઇ સો તસ ફલ ચાખા.(રામાયણ) કર્મનો સિદ્ધાંત અટલ છે,જેવું વાવો તેવું લણો,જેવું કરો તેવું પામો,જેવી કરણી તેવી પાર ઉતરણી..કર્મ ફળ આપીને જ શાંત થાય છે.

અવશ્યમેવ ભોકતવ્યં કૃતં કર્મ શુભાશુભમ,નાભુકતં ક્ષીયતે કર્મ કલ્પકોટિશતેરપિ..

આપણાં કરેલ તમામ શુભ-અશુભ કર્મો છે તેને અવશ્ય ભોગવવાં જ પડે છે.ભોગવ્યા વિના તો અનેક કલ્પો પસાર થવા છતાં કર્મો ટાળી શકાતાં નથી એટલે હું મારા કર્મથી ખુશી ભોગવી રહ્યો છું.આમ કરવાથી નવા કર્મ બંધાય અને તેનું ફળ ભોગવવું ના પડે એટલે મારી પત્નીને સમજાવતો નથી કે શિક્ષા પણ કરતો નથી.બ્રહ્મણ પુછે છે કે મહારાજ..આપે એવું તે કયું કર્મ કર્યું હતું કે પરીણામ સ્વરૂપ આવી વિપરીત સ્વભાવની પત્ની મળી?

જ્યોતિષજી પોતાના પૂર્વજન્મની કથા કહેતાં કહે છે કે પૂર્વજન્મમાં હું કાગડો હતો અને આ જે મારી પત્ની છે તે ગાય હતી.તેની પીઠ ઉપર એક ચાંદુ(ફોડલો) પડ્યું હતું અને તેનાથી તે ઘણી જ દુઃખી અને શક્તિહીન બની ગઇ હતી.મારો સ્વભાવ ઘણો દુષ્ટ હતો એટલે તેની પીઠ ઉપર થયેલ ચાંદા ઉપર જ ચોંચ મારીને તેનું માંસ ખાતો અને તેને વધુ દુઃખી કરતો હતો.જ્યારે દર્દના કારણે તે ઘણી જ કૂદાકૂદ કરતી હતી ત્યારે હું ઘણો ખુશ થતો હતો.

મારા ત્રાસથી કંટાળીને તે એક ઘનઘોર જંગલમાં ચાલી ગઇ પરંતુ મેં તેને શોધી કાઢી.એકવાર ઘણા દિવસ બાદ તે મળી તો તેનું માંસ ખાવા માટે મેં તેના ઘા ઉપર ચાંચ મારી તો મારી ચાંચ તેના હાડકામાં ફસાઇ ગઇ.ઘણા પ્રયત્નો કરવા છતાં મારી ચાંચ બહાર ના નીકળી તો મારા ત્રાસથી બચવા તે ગંગાજીના જળમાં ડૂબી.ત્યાં પણ હું મારી ચાંચ બહાર કાઢી ના શક્યો.છેલ્લે તે ગંગાજીના ઉંડા ધસમસતા પ્રવાહમાં તણાઇ અને અમે બંન્ને ગંગાજીના પ્રવાહમાં ડૂબીને મરણને શરણ થયા.

ગંગાજીના પ્રભાવથી તે બ્રાહ્મણી તરીકે જન્મી અને હું એક બહુ મોટો જ્યોતિષ બન્યો.અત્યારે તે જ મારી સ્ત્રી બનીને આવી છે જે મને આજીવન પોતાના મુખારવિંદથી ગાળો બોલીને,મારૂં અપમાન કરીને મને દુઃખ આપશે અને હું પણ મારા પૂર્વજન્મના કર્મોનાં ફળ ભોગવી રહ્યો છું તેમ સમજીને સહન કરતો રહીશ, આમાં હું તેને દોષિત માનતો જ નથી કારણ કે આ મારા કરેલા કર્મોનું ફળ ભોગવી રહ્યો છું એટલે હું શાંત છું હવે આપ આપની સમસ્યા મને કહો કે જેના માટે આપ અહી આવ્યા છો.

બ્રાહ્મણે પોતાની તમામ વાતો કહી અને કહ્યું કે અધર્મી પાપી રાજાએ મને નિર-અપરાધીનો હાથ કેમ કાપી નાખ્યો છે તે મને કહો.

જ્યોતિષીએ કહ્યું કે રાજાએ આપણો હાથ નથી કપાવ્યો પરંતુ આપ આપણા કર્મોના કારણે જ પોતાનો હાથ કપાવ્યો છે.પૂર્વજન્મમાં આપ એક તપસ્વી હતા અને રાજકન્યા ગાય હતી તથા રાજકુમાર કસાઇ હતો. આ કસાઇ જ્યારે ગાયને મારવા લાગ્યો ત્યારે ગાય પોતાનો જીવ બચાવવા સામેના જંગલમાં ભાગી ગઇ. પાછળથી પીછો કરતો કસાઇ આવી પહોંચે છે અને આપશ્રીને આ રસ્તેથી ગાય ગઇ છે? તેમ પુછે છે.

આપે પ્રતિજ્ઞા કરી હતી કે હું જીવનમાં ક્યારેય જુઠું નહી બોલું તેથી ગાય જે તરફ ગઇ હતી તે તરફ પોતાના હાથથી ઇશારો કરીને રસ્તો બતાવ્યો અને કસાઇએ ગાયને પકડીને મારી નાખી.ગંગા નદીના કિનારે ગાયને મારી નાખ્યા બાદ કસાઇ ગાયના શરીર ઉપરથી ચામડું ઉતારી રહ્યો હતો તે સમયે જંગલમાં સિંહ આવે છે અને ગાય અને કસાઇને મારીને તેમનું માંસ ખાઇ જાય છે.ગંગાના પ્રવાહમાં આ બંન્નેના હાડકાં તણાઇ જાય છે.ગંગાના પ્રભાવથી કસાઇને રાજકુમાર અને ગાયને રાજકન્યા તરીકે જન્મ મળે છે તથા પૂર્વજન્મના કરેલા કર્મોના લીધે તેઓ એક દિવસ માટે પતિ-પત્ની બને છે.

કસાઇએ ગાયને તિક્ષ્ણ હથીયારથી મારી હતી તે કારણે રાજકન્યાના હાથોમાંથી ઓચિંતા તલવાર છુટી જવાથી રાજકુમારનું મસ્ત કપાઇ જાય છે અને મરી જાય છે અને આમ કર્મો ફળ આપીને શાંત થઇ જાય છે.તમે હાથના ઈશારાથી જે કર્મ કર્યું હતું તે પાપકર્મના લીધે તમારો હાથ કાપી નાખવામાં આવ્યો છે. આમાં અન્ય કોઇનો દોષ નથી,તમારો જ દોષ છે આવું નિશ્ચયપૂર્વક જાણી સુખપૂર્વક જીવન જીવો.

જે કંઇ પ્રારબ્ધ સામું આવે તેને પ્રેમપુર્વક સ્વીકારી લેવું કારણ કે તે આપણે જ કરેલા કર્મનું પરીણામ છે અને આપણે તે ભોગવવું જ પડે છે.કેટલું સહજ અને જ્ઞાનયુક્ત જીવન છે ! જો અમે આ કર્મના સિદ્ધાંતને માની લઇએ,જાણી લઇએ તો પૂર્વજન્મમાં કરેલ ઘોર કર્મનું ફળ ભોગવતાં ભોગવતાં ક્યારેય દુઃખી થઇશું નહી પરંતુ અમારા ચિત્તમાં સમતા બનાવવામાં સફળ રહીશું.

ભગવાને ગીતામાં કહ્યું છે કે આસક્તિ છોડીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઇ કર્તવ્યો કર્મો કરો કેમકે સમત્વ એ જ યોગ છે જેમાં દ્રઢ સ્થિતિ પ્રાપ્ત થતાં મનુષ્ય કર્મબંધનની મુક્ત થઇ જાય છે.(૨/૪૮)

આલેખનઃ
કુમારી નિતૂં સૈની



# સિધ્ધપુરમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં પંચમ કાર્યક્રમ યોજાયા



## લોકોના કામ કરવા એ નેતાની પ્રાથમિક ફરજ છે -બલવંતસિંહ રાજપુત

આજનો રવિવાર ધાર્મિક નગરી સિદ્ધપુર માટે ખાસ રહ્યો માન. નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ અંતર્ગત સેવાકીય પખવાડિયાની ઉજવણી સંદર્ભે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં આર્યુવેદિક હોમિયોપેથીક અને યેલોપેથિક મેડિકલ કેમ્પ યોજાયો જેની કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે મુલાકાત લીધી હતી યુનિવર્સિટી પાંગણમાં કેબિનેટ મંત્રીના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો હતો. માન.નરેન્દ્રભાઈ મોદી સાહેબના મન કી બાત કાર્યક્રમનો ૧૦૫ મો હપ્તો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોનીએ કેબિનેટ મંત્રીની વિશેષ પરિસ્થિતિમાં સાંભળ્યો અને જોયો તે ઉપરાંત પાટણ જિલ્લા પંચાયત, સરસ્વતી તાલુકા પંચાયત, સિદ્ધપુર તાલુકા પંચાયત અને સિદ્ધપુર નગરપાલિકામાં નવ નિયુક્ત પ્રમુખ ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોનું સાંસદ ભરતસિંહ ડાભીની ઉપસ્થિતિ માન. બલવંતસિંહ રાજપૂતે સન્માન કરી સર્વેને સાથે રાખી પારદર્શક રીતે વિકાસના કામો કરવાની તાકીદ કરી હતી તેઓએ જણાવ્યું કે લોકોના કામ કરવાં એ નેતાની પ્રાથમિક ફરજ છે

આ પ્રસંગે સિદ્ધપુર વિધાનસભા વિસ્તારમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતને બાયપાસ જેવી શારીરિક તકલીફ આવેલી જે માતાજીની કૃપાથી સંપૂર્ણ સ્વસ્થ થઈ લોક સેવાના કાર્યોમાં જોડાઈ જતાં ઉપસ્થિત સર્વેએ તેઓના આરોગ્ય અને સારી તંદુરસ્તી માટે શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે સાંસદ ભરતસિંહજી ડાભી, પ્રદેશ ઉપાધ્યાય નંદાજી ઠાકોર, પૂર્વ ભાજપ પ્રદેશ મંત્રી કે સી પટેલ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર, મહામંત્રી ભાવેશભાઈ પટેલ, પાટણ જિલ્લા પૂર્વ પ્રમુખ મોહનભાઈ પટેલ, ગોવાભાઈ દેસાઈ, શંભુભાઈ દેસાઈ સહિત સ્થાનિક હોદ્દેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અશોકભાઈ પટેલે કર્યુ હતું.

## અંબાજી મંદિર રોશનીથી ઝગમગી ઉઠ્યું

# મંદિરના ચાચર ચોકમાં પ્રકાશપુંજ પથરાયો હોય એવી અલૌકિક આભા રચાઈ: માં અંબાના ધામમાં અદ્દભૂત નજારો સર્જાયો



માં અંબાના અવિસ્મરણીય અવસર એવા ભાદરવી પૂનમના મહામેળામાં શ્રદ્ધાનો મહાસાગર છલકાઈ રહ્યો છે. ગઈકાલથી લાખોની સંખ્યામાં માનવમહેરામણ માં ના ચરણોમાં દર્શનાર્થે ઉમટી રહ્યો છે. એકલ દોકલ આવતા પદયાત્રિકો, સંઘમાં આવતા યાત્રિકો, રથ, માંડવી, ગરબા અને ધજા લઈને આવતા માઈભક્તોનો અવિરત પ્રવાહ અંબાજી ધામને જય અંબે..... બોલમાડી...... અંબેના નાદથી સતત ગજવી રહ્યો છે.

શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમથી યાત્રાધામ અંબાજીમાં મિનિકુંભનો માહોલ સર્જાયો છે ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભાદરવી મેળાને યાદગાર બનાવવા ભવ્યાતિભવ્ય આયોજન કરાયું છે. જેના ભાગરૂપે યાત્રિકો માટે તમામ સુવિધાઓનું સુંદર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવી છે તો માં અંબાનું શક્તિપીઠ કે જયાં માતાજીનું હૃદય બિરાજમાન છે ત્યાં માં ના ચરણમાં શીશ નમાવવા આવતા માઈભક્તોનું હૃદય પણ આનંદ અને ઉલ્લાસની અનુભૂતિ કરે, માના ધામમાં પ્રવેશતાં જ માઈભક્તો આફરીન પોકારી ઉઠે એવો રોશનીનો ઝગમગાટ કરાયો છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અંબાજીમાં શક્તિપીઠ સર્કલથી માતાજીના મંદિરમાં પ્રવેશવાના મુખ્ય ગેટ શક્તિદ્વાર તથા મંદિરના ચાચર ચોક અને મુખ્ય મંદિરને અદ્દભૂત અને આંખોને આંજી દેતી મનમોહક લાગતી રોશનીથી સજાવવામાં આવ્યું છે. શક્તિદ્વારથી મંદિર જવાના માર્ગ પર રોશનીની એવી જમાવટ કરાઈ છે કે, જાણે આરાસુર ડુંગરની ગિરિમાળાઓમાંથી અસંખ્ય આગિયા માં અંબાના અવસરને પ્રકાશિત કરવા ઊમટી પડ્યા હોય એવી અનુભૂતિ શ્રધ્ધાળુ ભાવિક ભક્તો કરી રહ્યા છે.

?રોશનીનો આવો ઝગમગાટ ક્યાંય જોયો નથી, થાકનો થનગનાટ ક્યાંય જોયો નથી. ગુજરાત તો ઉત્સવો, પર્વો અને મેળાઓની ભૂમિ છે, પરંતુ એમાંય અંબાજી શક્તિપીઠની વાત જ ન્યારી છે કેમ કે, અહી માનું હૃદય બિરાજમાન છે અને એટલે જ દૂર સુદૂર હજારો કિલોમીટરની પદયાત્રા કરી આવતા માઈભક્તો પગપાળા યાત્રાના થાકમાં પણ માના દર્શન કરવાનો થનગનાટ અનુભવે છે. આ થનગનાટ અને ઝગમગાટનો સંગમ થાય ત્યારે શક્તિપીઠ દિવ્યતા અને ભવ્યતા ધારણ કરે છે જેની અનુભૂતિ રાત્રિ દરમિયાન કરવામાં આવેલી રોશનીમાં તાદ્રશ્ય થઇ રહી છે અને એટલે જ સુવર્ણ મંડીત મંદિરનો ભાગ રંગબેરંગી રોશનીના પ્રકાશમાં દેદીપ્યમાન લાગી રહ્યો છે. અવનવી રંગબેરંગી રોશની જયારે માના ચાચર ચોકમાં પથરાય છે ત્યારે જાણે કોઈ પ્રકાશપુંજ પથરાયો હોય એવી અલૌકિક આભા સર્જાય છે જેને નિહાળી ભાવિક ભક્તો આહલાદકતા ને રોમાંચકતાનો અનુભવ કરી મંદિર પરિસરમાં કરવામાં આવેલી ઝગમગતી વ્યવસ્થા બદલ વહીવટીતંત્ર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૩૩મું અંગદાન



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૩૩ મું અંગદાન થયું છે.મુળ ડુંગરપુરના અને લાંબા સમયથી અમદાવાદ વસતા ૨૮ વર્ષીય ભાવેશભાઇને સતત માથું દુખવાની તકલીફ હતી.૨૦ મી સપ્ટેમ્બરના રોજ સખત માથું દુખ્યું અને પછી એકાએક ખેંચ આવી . જેથી પરિવારજનો તેમને સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા.અહી ઈમરજન્સી કેર માટે દાખલ કર્યા બાદ તેમના રીપોર્ટસ કરાવવાં આવતા બ્રેઈન હેમરેજની જાણ થઇ? તબીબોએ ત્રણ દિવસ તનતોડ મહેનત કરીને ભાવેશભાઇ જોષીને બચાવવાના તમામ પ્રયત્નો કર્યા?.પરંતુ ૨૩ સપ્ટેમ્બરે તબીબો દ્વારા તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. બ્રેઈનડેડ જાહેર થતા પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા હાથ ધરી?.રીટ્રાઈવલની સમગ્ર પ્રક્રિયાના અંતે હૃદય, બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી.હૃદયને ગ્રીન કોરિડોર કરીને ગણતરીની મિનિટોમાં સિમસ હોસ્પિટલમાં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ માટે પહોંચાડવા આવ્યું.જ્યારે બંને કિડની અને લીવરને મેડિસિટીની જ કિડની ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યુ કે,૨૮ વર્ષીય ભાવેશભાઇ જોષીના પરિવારજનો દ્વારા હૃદયપૂર્વક કરાયેલું અંગદાન આજે ચાર વ્યક્તિઓને નવજીવન આપી ગયું છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કુલ ૧૩૩ અંગદાન થયા છે. જેમાં મળેલા ૪૨૯ અંગોએ ૪૧૨ જરૂરિયાતમંદોને નવજીવન બક્ષ્યું છે.

**-અમિતસિંહ ચૌહાણ**



તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ઈૅ એક્ટિવિસ્ટ કાર્યકરો ની પ્રથમ વખત મિટિંગ યોજવામાં આવી ભુપેન્દ્ર પટેલ (કાકા) અને જશુભાઈ ભીલ દ્વારા લોકોને માહિતી ઉપલબ્ધ કરી તાપી જિલ્લામાં ઉચ્છલ ખાતે ભુપેન્દ્ર પટેલ (કાકા) અને જશુભાઈ ભીલ નયા ગુજરાત લોક અધિકાર જાગૃતિ સમિતિ ના તાપી જિલ્લાના ઈૅ એક્ટિવિસ્ટ મણિલાલભાઈ વસાવા, રબૂ ભાઈ એસ ગામીત, સુમનભાઈ ગામીત ,ગીતાબેન ગામીત ,અર્જુનભાઇ ,જીતુભાઇ ઈૅ એક્ટિવિસ્ટ તેમજ ઘણા બધા કાર્યકરો દ્વારા આયોજન કરવામાં આવ્યું અને સફળતા પૂર્વકપાર પાડવામાં આવ્યો

નયા ગુજરાત લોક અધિકાર જાગૃતિ સમિતિ દ્વારા ત્યાંના કાર્યકરો ને માહિતી આપવામાં આવી. ઈૅ કેવી રીતે કરવી અને તેનું મહત્વ કેવું કઈ રીતે કરવું બધી જ પ્રકારની માહિતી ઉપલબ્ધ કરવામાં આવી . સાથે સાથે લોકોમાં જાગૃતિ લાવવાની છે ઈૅ માટે જેથી લોકોમાં તેની મહત્વ સમજાય . પ્રજાને હવે જાગૃત થવાની જરૂર છે અને હજુ લોકોમાં જાગરૂકતા લાવવાની જરૂર છે એવું પણ સમજાવવામાં આવ્યું . (ઈૅ એક્ટિવિસ્ટ એસોસિયેશન) દ્વારા લોકોમાં જાગરૂકતા લાવવા માટેની ચળવળ કરવામાં મદદ કરવામાં આવશે એવું જણાવવામાં આવ્યું સાથે સાથે એડવોકેટ અજય પટેલ દ્વારા પણ લોકોને કાંઈ કામ મા જરૂર પડે તો તાત્કાલિક સંપર્ક કરવા માટે લોકોને અનુરોધ કરવામાં આવ્યો આદિવાસી એકતા મંચ અને નયા ગુજરાત લોક અધિકાર જાગૃતિ સમિતિ દ્વારા માહિતી અધિકાર કાયદા વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

# રાજુલા તાલુકાના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે હેલ્થ મેળાનુ સુંદર આયોજન

ગુજરાત સહિત દેશભરમા આયુષ્માન ભવઃ અભિયાન કાર્યક્રમ અંતર્ગત દર શનિવારે હેલ્થ મેળાનુ આયોજન કરી લોકોને આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવામા આવી રહી છે ત્યારે રાજુલા તાલુકાના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજીત હેલ્થ મેળામા બીનચેપી રોગોના સ્ક્રીનીંગ સહિતની કામગીરી કરાઈ હતી.જેમા આભા કાર્ડ અને આયુષ્માન કાર્ડ બાબતે લોકોને માહિતગાર કરવામા આવેલ.



આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજીત હેલ્થ મેળામા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયાના જણાવ્યા અનુસાર લોકોને પર્સનલ હાઈઝીન બાબતે આરોગ્ય સ્ટાફ દ્વારા આરોગ્ય શિક્ષણ આપી ૬૦૦ ઉપરાંત લોકોનું બીપી અને ડાયાબિટીસના રોગનું સ્ક્રીનીંગ, ટેલી કન્સલટેશન, આંખોની તપાસણી,કિશોરીઓના વજન-ઉંચાઈ સાથે લોહીની ટકાવારીની ચકાસણી,સગર્ભા બહેનોની તપાસણી તેમજ ઓપીડીમા આવતા દર્દીઓને ફ્રીમાં નિદાન,સારવાર અને દવાઓ આપી સ્થળ પરજ લોકોના આભા કાર્ડ - યુનિક ડીજીટલ હેલ્થ આઈ.ડી.કાર્ડ કાઢી આપવામાં આવેલ.વાવેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૬૪ સગર્ભા માતા અને કિશોરીઓની તપાસણી કરી લોહીની ઓછી ટકાવારી વાળી સગર્ભા માતાઓને આર્યન સુકરોઝનો પ્રથમ ડોઝ આપેલ તેમજ ભેરાઈ,ડુંગર અને ખેરા સહિતના આરોગ્ય કેન્દ્રો ખાતે આયુષ્માન ભવઃ અભિયાન કાર્યક્રમ હેઠળ આરોગ્ય કેન્દ્રો ખાતે આવેલ લાભાર્થીઓને આરોગ્યની તમામ યોજનાઓ વિશે અવગત કરી યોજનાઓનો મહત્તમ લાભ લે તેવા પ્રયત્નો તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયા,ડૉ.જયકાંત પરમાર,ડૉ.નિકુંજ વ્યાસ,ડૉ.પરેશ કાતરીયા,ડૉ.કિંજલ કાતરીયા,ડૉ.પાલુ ભાદરકા અને વિપુલભાઈ કલસરીયા સહિતની આરોગ્ય ટીમ દ્વારા કરવામા આવી રહયા છે જે યાદીમાં જણાવેલ છે.

# નર્મદા ડેમના પાણી થી પુર આવ્યા ની વાત પાયા વિહોણી

ઉપરોક્ત બાબતે સિંચાઈ વિભાગમાં અને વિશ્રવ બેંક સાથે કામ કરનાર ભાજપ ના અગ્રણી કાર્યકરે એક અખબારી નિવેદન માં જણાવ્યું છે તાજેતરમાં નર્મદા ડેમ માં થી વધુ પાણી છોડતા પરિસ્થિતિ બગડેલી તેવું કહેવું યોગ્ય નથી શ્રી શક્તિસિહ ગોહીલ અને શ્રી જયનારાયણ વ્યાસે કરેલી વાતો તર્ક સંગત નથી સિંચાઈ વિભાગમાં કામગીરી બજાવેલ તેમજ વિશ્વ બેંક ના તજજ્ઞો સાથે સિંચાઈ વૉટર વારાબંધીનુ કામ કરેલ ભરતભાઈ નાયક અખબારી નિવેદન માં જણાવે છે કે જયારે પણ ઉપર વાસ્તવમાં ભારે વરસાદ હોય અને પાણી ની કુલ કયસેકસ આવક વધી જતાં તેઓ કુલ આટલા કયુસેક પાણીની આવક હોવાથી ઉપર વાસથી આટલા કયુસેક પાણી છોડવાની જાણ કરતા હોય છે. જેના આધારે નર્મદા ડેમમાંથી કેટલા કયુસેક પાણી છોડવાનો અને આસપાસના ગામમાં શુ અસર થશે તેને જોઈને ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવે છે. તેમજ અસર થવાની હોય તેવા ગામોમાં એલર્ટ જાહેર કરવામાં આવેછે આમ વડોદરા થી સુરત સુધી ભારે અતિભારે વરસાદ ની વારંવાર ચેતવણીઓ અને મીડિયામાં પણ વારંવાર ચેતવણીઓ આપવામાં આવેલ છે. ખાસ જણાવવાનું કે વરસાદ કયાં અને કયારે કેટલો પડશે તેવી કોઈ માહીતી કોઈ આપી શકતુ નથી જેમ કે એમ.પી. ના ઉપરવાસ અને નર્મદા ડેમ ની વચચે ના વિસ્તારોમાં જો કોઈ જગ્યાએ ભારે વરસાદ ખાબકે તો કેટલા કયુસેક પાણીની આવક થશે તે ઉપર વાસથી ડેમ સાઈટને ખબર રહેતી નથી જે વચગાળાના વિસ્તારમાંથી આવેલ પાણી છોડવાની જાણ કરી પાણી છોડવામાં આવે છે. કેટલાક વિસ્તારમાં પણ અચાનક અતિશય વરસાદ વરષતા પુરની સ્થિતિ સર્જાય છે. જેમ કે હવામાન વિભાગે આગાહી કરી હોય છે કે મહેસાણા બી કે સાબરકાંઠા માં ભારે વરસાદ પડશે પણ પડી જાય છે પાટણ અમદાવાદમાં તેવીજ રીતે અમદાવાદમાં ભારે અતિભારે વરસાદ ની વારંવાર ચેતવણીઓ આપવામાં આવતી હોય છે. પણ પૂર્વ વિસ્તારમાં જળબંબાકાર થઈ જાય છે અને પશ્ચિમના વિસ્તારમાં સામાન્ય વરસાદ પડે છે. તેમ છતાં એનડીઆરએફ એસડીઆરેફ આર્મી ના જવાનો લોકોને સ્થળાંતર કરવતા મદદ કરતા પુરમાથી સલામત સથળે લોકો ને ખસેડતા નજરે મીડીયા ના માં જોવા મલયા હતા.

# તમારા બાળકો પાસેથી કેવી રીતે કામ લેશો?

ભારતમાં એક સર્વે મુજબ શહેરોમાં રહેતા માતાપિતાના કહેવા મુજબ તેમના બાળકો દરરોજ ૩ થી વધારે કલાકો મોબાઈલમા વિતાવે છે.જેમાં ઓનલાઇન ગેમ ઓટીટી પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયામા વિતાવે છે સૌથી વધુ ૩૭ ટકા માતાપિતાનું કહેવું છે કે તેમના બાળકો મોટાભાગનો સમય વિડિઓ યુ ટ્યુબ પ્રાઈમ વિડિઓ નેટફિલક્સ હોટ સ્ટાર વિગેરે જોવામાં વિતાવે છે.જયારે ૩૫ ટકા માતાપિતાનું માનવું છે કે બાળકો ઈન્સ્ટાગ્રામ વોટ્સઅપ સ્નેપચેટ પર વધુ ધ્યાન આપે છે જયારે માત્ર ૧૦ ટકા માતાપિતાનું માનવું છે કે બાળકો અન્ય ઓનલાઈન પ્રવુતિઓમા સમય ગાળે છે.

વાલીઓની ફરિયાદ છે કે ઓનલાઇન રહેવાની આદતને કારણે બાળકોમાં ચીડિયાપણું અને આક્રમકતા એકાગ્રતાનો અભાવ યાદશક્તિની સમસ્યાઓ માથાનો દુખાવો આંખ અને પીઠની સમસ્યાઓ તણાવ ચિંતા સુસ્તી અને ડિસ્પ્રેશનનું પ્રમાણ વધ્યું છે



આમાંથી બાળકોને બહાર કાઢવા શું સલાહ સૂચન આપવા જોઈએ.બાળકનું મન બહુ જ કોમલ હોય છે પ્રેમ અને ગુસ્સાની જેમ માતાપિતાની રોજિંદી વાતોનો પણ બાળકોના કુમળા મન પર ઊંડો પ્રભાવ પડે છે માતાપિતાની કેટલીક વાતો બાળકને પ્રેરિત કરે છે તો કેટલીક વાતો બાળકના મનને ઠેસ પહોંચાડે છે.બાળક સામે હંમેશા સમજી વિચારીને બોલવું જોઈએ

ભૂલમાં પણ તમારી સાથે તમારા સાથે સરખામણી ના કરો બાળકને પરફેક્ટ બનાવવાની કોશિશમાં તમે એના આત્મવિશ્વાસને કમજોર કરશો.બાળકો પાસે એની ક્ષમતા કરતા વધારે અપેક્ષા ના રાખો નહી તો તમારી અપેક્ષાઓના બોજ નીચે દબાઈ જશે એને એની રીતે કામ કરવા દો.

તમારા સૅંતાનની કાબેલિયત પર શક ના કરો જો બાળકે કોઈ ખોટો નિર્ણય લીધો હોય તો એની ભુલ સુધારવાનો રસ્તો બતાવો બાળકને યોગ્ય માર્ગદર્શન આપો

તારા ભાઈ બહેન પાસેથી કઈ શીખ બાળકને વારંવાર આ સલાહ આપશો નહી પાંચે આંગળી સરખી નથી હોતી હમેશા ભાઈ બહેન જેવા બનવાની વાતો સાંભળી બાળક હીનભાવનાનો શિકાર બને છે એટલું જ નહી મનોમન ભાઈબહેનથી નફરત કરવા માંડે છે માતાપિતાની પણ એના મનમાં નકારાત્મક છબી ઉપસે છે કે માતાપિતા બાળકને પ્રેમ નથી કરતા.

તું અહીંથી ચાલ્યો જા આવું બાળકને કદી પણ કહેશો નહી તમારા આવા વર્તનથી બાળક પોતાની જાતને ઉપેક્ષિત મહેસુસ કરે છે અને પછી ધીમે ધીમે બાળક તમારાથી દુર થઈ એકલતાનો શિકાર બને છે

શરારત અને મસ્તીમાં ઘણી વાર બાળક ખોટું કરે છે તે વખતે બાળકને અપશબ્દ કહેશો નહી બાળકને સારા અને ખરાબનો તફાવત પ્રેમથી સમજાવો

બાળકના મિત્રો પર નજર રાખો બાળકોના મન પર મિત્રોનો ખાસ્સો પ્રભાવ હોય છે એટલે મિત્રોથી દુર રહેવાની વાત બાળકને પસંદ પડતી નથી

યાદ રાખજો ડાટ ફટકાર કે મહેણાંટોણા જ બાળકને સમજાવવાની રીત નથી એને પ્રેમથી પણ સમજાવી શકાય છે.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# રાજ્યની પાંચ નગરપાલિકાઓને મળશે મોડલ ફાયર સ્ટેશનની સુવિધા

★★

**★મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી સૈદ્ધાંતિક મંજૂરી★**

★

**★અંદાજે ૩૬.૧૨ કરોડ રૂપિયાના ખર્ચે જિલ્લા કક્ષાના મોડલ ફાયર સ્ટેશન આ નગરોમાં બનશે★**

★

**★મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એક જ વર્ષમાં રાજ્યની ૨૦ નગરપાલિકાઓમા મોડલ ફાયર સ્ટેશન નિર્માણ માટે સૈદ્ધાંતિક અનુમતિ આપી**

★★

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પાંચ નગરપાલિકાઓ નવસારી, બારડોલી, રાજપીપળા લુણાવાડા અને ધોળકામાં નવા મોડલ ફાયર સ્ટેશનના નિર્માણ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.આ નગરપાલિકાઓમાં હવે જિલ્લાકક્ષાના મોડલ ફાયર સ્ટેશન સમગ્રતયા ૩૬.૧૨ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે નિર્માણ થશે.રાજયના શહેરી વિકાસ વિભાગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ આ પાંચ નગરપાલિકાઓની સામાન્ય સભામાં થયેલા ઠરાવના અનુસંધાને મોડલ ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્તો રજૂ કરી હતી.આ દરખાસ્તો માં જણાવવામાં આવ્યું હતું કે

નવસારીમાં પાંચ હજાર ચોરસ મીટર જમીન પર ૭.૪૫ કરોડ, નર્મદા જિલ્લાની રાજપીપળા નગરપાલિકામાં ૫૫૦૦ ચો.મીટર વિસ્તારમાં ૭.૩૮ કરોડ રૂપિયાના ખર્ચે, લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં ૫૦૦૦ ચો.મીટરમાં ૭.૧૫ કરોડના ખર્ચે, તેમજ બારડોલી નગરમાં ૬ હજાર ચો.મીટર વિસ્તારમાં ૭.૬૨ કરોડ રૂપિયાના ખર્ચે અને ધોળકામાં ૬૦૦૦ ચો.મીટરમાં ૬.૫૨ કરોડના ખર્ચે આ નવા મોડેલ ફાયર સ્ટેશન નિર્માણ કરવાના થાય છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના આ નગરોમાં વધતા જતા ઔદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસને ધ્યાનમાં લઈને આ બધી જ દરખાસ્તોને સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે.આ નગરપાલિકાઓમાં મોડલ ફાયર સ્ટેશન અંતર્ગત ફાયર પ્રોટેકશન સિસ્ટમ, અંડરગ્રાઉન્ડ વોટર ટેંક, એલીવેટેડ સ્ટોરેજ રિઝવર્યસ, ફાયર સ્ટેશનના કર્મચારીઓ માટે આવાસ તથા અદ્યતન સુવિધા સભર ફાયર સ્ટેશન બિલ્ડિંગના કામો હાથ ધરાશે.

રાજયની નગરપાલિકાઓમાં આવા મોડેલ ફાયર સ્ટેશન બનાવવાના શહેરી વિકાસ વિભાગના આયોજનના ભાગ રૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૨-૨૩ના એક જ વર્ષમાં કુલ ૨૦ નગરપાલિકાઓમા મોડલ ફાયર સ્ટેશન બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરીઓ આપી છે.આ નગરપાલિકાઓમાં આણંદ, નડિયાદ, અમરેલી, ગોધરા, વ્યારા, છોટાઉદેપુર, ભરૂચ, બોટાદ, દાહોદ, ખંભાળિયા ગોંડલ, મોડાસા, પાટણ, મહેસાણા અને કરજણ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.